# બાળભોગ્ય સંગ્રહો | શ્રદ્ધા ત્રિવેદી

[**'દાદીમાની વાર્તાઓ', 'દાદાજીની વાર્તાઓ'** : પુનર્કથન : લલિત લાડ, ચિત્રો : દીપક ઠાકોર, પ્ર. આર. આર. શેઠની કંપની, અમદાવાદ, પ્ર.આ. નવેમ્બર, ૨૦૦૬, દરેકની કિં. રૂ. ૫૦/-]

'દાદીમાની વાર્તાઓ' અને 'દાદાજીની વાર્તાઓ' એ આપણા પ્રાચીન સ્રોત જેવા કે હિતોપદેશ – પંચતંત્ર આદિમાંથી પ્રચલિત બનેલી અને સદીઓથી વડીલો દ્વારા બાળકોને કહેવાની વાર્તાઓના સંગ્રહો છે. આ વાર્તાઓનાં કથાનકો જાણીતાં જ છે. શ્રી લલિત લાડે અહીં તેનું પુનર્લેખન – પુનર્કથન કર્યું છે. બન્ને સંગ્રહોમાં થઈ ૩૪ વાર્તાઓ છે. ૩૨-૩૨ પાનાંની આ પુસ્તિકાઓ અનેક રંગીન ચિત્રોથી સુસજ્જ થઈ છે તેથી નયનરમ્ય મનોહર બની છે. રંગીન ચિત્રો આ સંગ્રહનું જમાપાસું છે. બાળકો બહુ સહજ રીતે આકર્ષાય તેવી સુંદર ચિત્રકલા અહીં છે. પુસ્તકને આવું સોહામણું બનાવવાનો યશ દીપક ઠાકોરને ફાળે જાય છે.

અહીંનાં કથાનકોની પસંદગી યોગ્ય છે. ઘણી પ્રચલિત કથાઓ અહીં છે. ભાષા સાદી-સરળ છે. મોટાભાગની વાર્તાઓમાં વાર્તાઓનો પ્રારંભ બહુ સ્વાભાવિક – સહજ રીતે થયો છે. દા.ત. 'દાદીમાની વાર્તાઓ'માંની 'બે ઘડા' વાર્તા : ''એક વખત એક ગામમાં મુશળધાર વરસાદ પડ્યો. આના કારણે ગામમાં પૂર આવ્યાં. કેટલાંય ઘર તૂટી ગયાં અને ઘરવખરી પાણીમાં તણાવા લાગી.'' આમ વાર્તાની ભૂમિકા સરસ રીતે મંડાય છે. વાર્તાઓ નાની છે છતાં વાર્તાસ્વરૂપને ઠીક ઠીક ધ્યાનમાં રાખવામાં આવ્યું છે. વાર્તાઓ ક્રમશઃ તર્કબદ્ધ રીતે આગળ વધે છે. પંચતંત્રની પ્રાણીકથાઓ આમેય બાળકોને ગમે છે. પણ અહીં માત્ર પ્રાણીકથાઓ નથી. એ સિવાયનાં પ્રચલિત કથાનકો પણ છે. જેમકે, 'બે ઘડા' કે 'નારદજીનું અભિમાન' વગેરે. અલબત્ત, જે છે તે પ્રચલિત તો છે જ. વળી પ્રચલિત કથાઓમાં પણ ક્યાંક ક્યાંક લેખકે જરાતરા અને ક્યાંક તો મોટા ફેરફારો કર્યા છે તે પણ નોંધપાત્ર છે. દા.ત. 'મધમાખી અને કબૂતર.' પ્રથમ તો 'કીડી અને કબૂતર' એ પ્રચલિત કથામાં અહીં કીડીને બદલે મધમાખી મૂકીછે. કદાચ તેમ કરવા પાછળ વાર્તાના ઉત્તરાર્ધમાં શિકારીને મધમાખી ડંખ મારે તો કબૂતર બચી શકે એ હોઈ શકે. પણ આવો ફેરફાર જરૂરી નથી. કીડીનો ચટકો પણ માણસને ચીસ પડાવી દે તેવો જ હોય છે. હવે આગળ જોઈએ. મધમાખીને તરસ લાગી માટે તે ઝરણા પાસે ગઈ પણ ઝરણાનું પાણી એટલા જોરથી ઊછળતું હતું કે મધમાખી પાણીમાં તણાઈ ગઈ. મૂળ વાર્તા કરતાં અહીં આમ ફેર થયો. હવે તણાતી મધમાખીને જોઈ કબૂતરે એક પાંદડું તોડ્યું ને ઊડતાં ઊડતાં છેક ઝરણા પાસે ગયું ને તણાતી મધમાખીની નજીક ફેંક્યું. મધમાખી તેના ઉપર ચઢી ગઈ. આ બધી વાતની એક જ વાક્યમાં રજૂઆત કરી. તેથી વાક્યરચના ઘણી લાંબી થઈ જાય તે સ્વાભાવિક છે. વળી ઊછળતા – વહેતા ઝરણામાં ફેંકાયેલા પાંદડા પર મધમાખી ચઢે – આ બધું થોડું કૃતક પણ લાગે છે. એ જ રીતે શિકારી કબૂતર પર તીર છોડે ત્યારે તેને બચાવવા મધમાખી તેને ડંખે. શિકારીના હાથમાંથી તીર તો છૂટે પણ તે કબૂતર પરનું નિશાન ચૂકી જાય – એવી મૂળ વાત છે. અહીં લેખકે કબૂતરનો શિકાર કરવા મોટું બાજ પક્ષી હવામાં ચક્કર મારી રહ્યું હતું એમ જણાવ્યું છે. કબૂતરને મારવા છોડેલું તીર બાજને વાગ્યું. કબૂતર બચી ગયું. બાજપક્ષીની વાત કવિન્યાયના સંદર્ભમાં યોગ્ય છે પણ જરૂરી નથી. વાત તો કીડી-કબૂતરની મૈત્રીની – પરસ્પરની લાગણીની – અરસપરસને મદદ કરી બચાવવાની છે. – બંનેએ પોતપોતાની સૂઝ-શક્તિ મુજબ અરસપરસને બચાવ્યાં તે મહત્ત્વનું છે. 'આખાબોલો કાચબો' કે 'હરણના મિત્રો' જેવી પ્રમાણમાં ઓછી પ્રચલિત કથાઓ પણ અહીં છે. 'સ્પિંક્સનું ઉખાણું' – એ અન્ય પ્રદેશની પ્રચલિત કથા છે. માણસ – પક્ષી અને પશુ એ ત્રણેયના મિશ્રણ જેવા એ પ્રાણીની કથા માણસની ચતુરાઈને સિદ્ધ કરે છે.

'દાદાજીની વાર્તાઓ'માંની ૧૭ વાર્તાઓ પણ એ જ પરિપાટીની છે. સિંહ-સસલું-વરુ-શિયાળ વગેરેની વાર્તાઓ છે. જોકે આ પાત્રોની અતિ લોકપ્રચલિત વાર્તાઓ અહીં ઓછી છે પણ જે છે તે થોડીઘણી તો જાણીતી છે જ. અહીં પણ 'ઘડાનો દીકરો' જેવી પાડોશણની ચતુરાઈની કથા છે. 'હરણનાં શિંગડાં' વાર્તા મૂળ તો 'સાબરનાં શિંગડાં' નામે વધુ જાણીતી છે ને કદાચ તે વધુ ઉચિત છે. સાબર હરણ જેવા દેખાવનું પ્રાણી છે. પણ તેનાં મોટાં શિંગડાંને લીધે તે અલગ પડે છે. હરણને એવાં શિંગડાં નથી હોતાં. વળી ક્યારેક કથાનાં પ્રચલિત શીર્ષકોને અહીં બદલવામાં આવ્યાં છે. ને દરેક વખતે તે યોગ્ય જ થયું છે તેવું નથી. 'ઘડાનો દીકરો' વાર્તા કદાચ 'ચતુર પડોશણ' નામે વધુ જાણીતી છે. આમ છતાં એકંદરે પ્રચલિત કથાને ટૂંકમાં, તર્કબદ્ધ રીતે અહીં રજૂ કરવામાં આવી છે. ને સુંદર આકર્ષક રંગીન ચિત્રોથી સજાવી છે. તેથી આ સંગ્રહો બાળભોગ્ય જરૂર બન્યા છે. પણ આ બંને સંગ્રહોમાં એક વાત સતત ખૂંચે છે. દરેક વાર્તાને અંતે અલગ રીતે વાર્તાનો 'બોધ' – તારવી આપવામાં આવ્યો છે. કંઈ જરૂર ? બાળકોને આપણે શું માનીએ છીએ ? શું તેમની સમજશક્તિમાં વિશ્વાસ નથી ? જો એવો વિશ્વાસ ના હોય તો તે આપણી ભૂલ છે. વાર્તા જાતે જ કલાત્મક રીતે બોધ આપે જ છે. બાળક વાર્તા માણે છે સાથે કંઈક શીખે પણ છે. 'બોધ'વાક્ય એ સોનાની થાળીમાં લોઢાની મેખ છે. આવું તારણ અલગ રૂપે આપવું એ સંગ્રહની કલાત્મકતાને હાનિ પહોંચાડે છે. વળી ક્યાંક મુદ્રણદોષ પણ છે. જોકે એ તો તરત સમજાય તેમ છે. (દા.ત. 'દાદાજીની વાર્તાઓ'ની અનુક્રમણિકા). પણ થોડું વધારે ધ્યાન જરૂર આપી શકાયું હોત. પરંપરાની જ વાર્તા લઈએ તો તેનું પરંપરાત્વ જળવાય તે જરૂરી છે. આમ છતાં પુનર્કથિત આ વાર્તાઓ બાળકોનો સમય સારી રીતે પસાર કરવામાં જરૂર ઉપયોગી થશે એટલું તો જરૂર કહી શકાય.